વિચરતી અને વિમુક્ત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓ માટેની ટેલેન્ટ પુલ યોજના બાબત.

**ગુજરાત સરકાર**
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:**SJED/AWA/e-file/17/2024/1322/A-1 Section**
સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૭/૦૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક:-સશપ-૧૦૨૦૧૪/NB-૧૭૫/અ.૧.
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૯/૦૨/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક:-સશપ-૧૦૨૦૧૪/NB-૧૭૫/અ.૧.
(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૬/૧૨/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક:-સશપ/૧૦૨૦૧૪/NB- ૧૭૫/અ.૧.
(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૫/૦૬/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક:-સશપ/૧૦૨૦૧૪/ન.બા. ૧૭૫/અ.૧.

**આમુખ:-**

ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના ઠરાવથી વિચરતી અને વિમુક્ત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે ઉત્તમ ગુણવત્તાવાળી અને આવાસીય શાળાઓમાં સર્વશ્રેષ્ઠ શિક્ષણ પુરૂં પાડવા માટેની "ટેલેન્ટ પુલનું નિર્માણ" યોજના અમલમાં છે. ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના ઠરાવથી વિચરતી અને વિમુક્ત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓ માટેની ટેલેન્ટ પુલ યોજના અંતર્ગત શાળાઓની પસંદગી કરવા માટેની સમિતિની રચના કરવામાં આવેલ છે. ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના ઠરાવથી ઠરાવથી વિચરતી અને વિમુક્ત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓ માટેની ટેલેન્ટ પુલ યોજનાની શરતોમાં સુધારા કરવામાં આવેલ છે. ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૪) પરના ઠરાવથી "ટેલેન્ટ પુલનું નિર્માણ" યોજના અંતર્ગત આઠ(૮) શાળાઓને ત્રણ વર્ષ માટે એમ્પેનલ કરવામાં આવેલ હતી, જેની મુદ્દત મે-૨૦૨૪ના વર્ષમાં પુર્ણ થયેલ છે. જેથી ઉક્ત યોજના અંતર્ગત સદરહું એમ્પેનલ્ડ શાળાઓમાં પ્રવેશ મેળવી અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ચાલુ શૈક્ષણિક વર્ષ-૨૦૨૪-૨૫માં રીન્યુઅલ કરવા તેમજ ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૪) પરના ઠરાવથીએમ્પેનલ્ડ સંસ્થાઓને વિદ્યાર્થી દીઠ નિયમોનુસારની સહાય ચુકવવા અંગેની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે વિદ્યાર્થીઓના અભ્યાસને વિપરીત અસર ન થાય તેમજ તેઓના હિતને ધ્યાનમાં રાખી ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૪)ના ઠરાવથી એમ્પેનલ થયેલ સંસ્થાઓમાં વર્ષ ૨૦૨૪-૨૫ના શૈક્ષણિક વર્ષમાં હાલ ધોરણ-૭માં ૧૩૦ વિદ્યાર્થીઓ, ધોરણ-૮માં ૮૬ વિદ્યાર્થીઓ, ધોરણ-૯માં ૫૩ વિદ્યાર્થીઓનો પ્રવેશ તેઓના ધોરણ-૧૦ સુધીના અભ્યાસ સુધી અને ધોરણ-૧૨માં ૫૪ વિદ્યાર્થીઓ પ્રવેશ ચાલુ વર્ષ પુરતો ચાલુ રાખવા તેમજ ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૪) પરના ઠરાવથીએમ્પેનલ્ડ સંસ્થાઓને વિદ્યાર્થી દીઠ નિયમોનુસારની સહાય ચુકવવા આથી મંજુરી આપવામાં આવે છે.

ઉક્ત યોજનાની અગાઉ ઠરાવવામાં આવેલ અન્ય તમામ શરતો તેમજ બોલીઓ યથાવત રહેશે.

આ હુકમો વિભાગના સમાનાંકી ફાઇલ પર માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ની તા.૦૧/૦૭/૨૦૨૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 06-Jul-2024 (04:47 PM)

(કલ્પના રાણા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

**નકલ રવાના:-**

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા)ના અગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં-૪, ૩જો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.) (નિયામકશ્રી(વિ.જા.ક.) મારફત)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતી સહ.
- એમ્પેનલ્ડ થયેલ આઠ(૮) શાળાઓ. (નિયામકશ્રી(વિ.જા.ક.) મારફત).
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૪.

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 06-Jul-2024 (04:47 PM)